ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
મંગળવાર ૬ ઓક્ટોબર ૨૦૨૬

# આસપાસ ચોપાસ

આસપાસનાં પ્રદેશની સિદ્ધિ અને સમસ્યાની વાત...!





## આણંદ લોકસભા અને સોજીત્રા વિધાનસભાનું વિકસતું ગામ

# કણીયા

## ગાયકવાડી શાસનકાળની ઐતિહાસિક વિરાસતથી લઈને આધુનિક વિકાસ સુધીની સફર ધરાવતું ગામ કણીયા

આણંદ જિલ્લાના પેટલાદ તાલુકામાં આવેલું કણીયા ગામ ઐતિહાસિક વારસો, પૌરાણિક મહત્વ અને ગ્રામ્ય સંસ્કૃતિની આગવી ઓળખ ધરાવે છે. આશરે ચારસો વર્ષ જૂના ઇતિહાસની ધરોહર સમાન આ ગામમાં આજે પણ ભૂતકાળની યાદો અને પરંપરાઓ જીવંત છે. ગામમાં આવેલો પૌરાણિક મહત્વ ધરાવતો વણજારી કૂવો અહીંના ઐતિહાસિક વારસાનું પ્રતીક બની રહ્યો છે. એક સમયે સમગ્ર ગામના લોકોની પાણીની જરૂરિયાત સંતોષતો આ કૂવો ગામના જૂના જીવન અને સામૂહિક વ્યવસ્થાની સાક્ષી પૂરે છે.

કણીયા ગામની ઐતિહાસિક ઓળખમાં વણજારી કૂવાનું વિશેષ સ્થાન છે. જૂના સમયમાં જ્યારે આધુનિક પાણી પુરવઠાની વ્યવસ્થા ઉપલબ્ધ નહોતી, ત્યારે ગામના લોકો દોરડાની મદદથી કૂવામાંથી પાણી ખેંચીને દૈનિક જરૂરિયાતો પૂરી કરતા હતા. આ કૂવો માત્ર પાણીનો સ્ત્રોત જ નહીં, પરંતુ તે સમયની ગ્રામ્ય જીવનશૈલી, પરંપરાગત જળસંચય વ્યવસ્થા અને સામૂહિક જીવનનો મહત્ત્વનો હિસ્સો હતો. કણીયા ગામમાં પાટીદાર, ઠાકોર, દેવીપૂજક, પ્રજાપતિ, દરબાર, મુસ્લિમ, વણકર, વાળંદ સહિતની વિવિધ જ્ઞાતિઓના લોકો વસવાટ કરે છે. ગામની મુખ્ય વસ્તી બક્ષીપંચ વર્ગની છે. ખેતી અહીંના લોકોનો મુખ્ય પરંપરાગત વ્યવસાય છે. ખેતી સાથે સંકળાયેલા પરિવારો ઉપરાંત કેટલાક પરિવારો વેપાર, નોકરી અને અન્ય વ્યવસાયોમાં પણ કાર્યરત છે.

ગામનાં કેટલાંક પરિવારો રોજગાર અને વ્યવસાયની તકોને કારણે ભારતનાં વિવિધ શહેરો અને વિદેશમાં સ્થાયી થયા છે. તેમ છતાં, મૂળ ગામ સાથેનો નાતો જાળવી રાખવાની ભાવના ગ્રામ્ય સમાજની એક વિશેષતા છે. ગામની સામાજિક રચનામાં વિવિધ જ્ઞાતિઓનું સહઅસ્તિત્વ અને પરસ્પર સહયોગ ગ્રામ્ય જીવનને વિશિષ્ટ બનાવે છે. વડીલ આગેવાનોના મંતવ્ય મુજબ, આશરે ચારસો વર્ષ અગાઉ ઠાકોર સમાજના વડવાઓએ અહીં વસવાટ શરૂ કર્યો હતો. સમય જતાં રોજગાર, વ્યવસાય અને જીવનનિર્વાહની જરૂરિયાતોને પગલે અન્ય જ્ઞાતિના પરિવારો પણ અહીં આવીને વસ્યા હતા. આમ, ધીમે ધીમે કણીયા ગામ વિવિધ જ્ઞાતિઓના સહઅસ્તિત્વ અને સામાજિક સમરસતાનું કેન્દ્ર બન્યું હતું. આઝાદી પહેલાં કણીયા ગામ વડોદરા રાજ્યના ગાયકવાડી રજવાડાના શાસન હેઠળના વિસ્તારમાં આવતું હતું. ગાયકવાડી શાસનકાળની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ ધરાવતું આ ગામ આજે લોકશાહી વ્યવસ્થામાં આણંદ લોકસભા અને સોજીત્રા વિધાનસભા મતવિસ્તારનો ભાગ છે. તાલુકા મથક પેટલાદ સાથે જોડાયેલા કણીયા ગામને આણંદ, તારાપુર, પેટલાદ, બોરસદ અને ખંભાત તરફ જવા માટે પાકા રસ્તાઓની સુવિધા ઉપલબ્ધ છે. કણીયા ગામ ઉત્તર અક્ષાંશ ૨૨-૨૮’-૦૦’’ અને પૂર્વ રેખાંશ ૭૨-૪૮’-૦૦’’ પર આવેલું છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૮થી આશરે એક માઇલના અંતરે આવેલા આ ગામની પૂર્વ દિશામાં બે માઇલ દૂર ધર્મજ, પશ્ચિમમાં એક માઇલ દૂર દંતેલી, ઉત્તરમાં ત્રણ માઇલ દૂર ખડાણા અને દક્ષિણમાં ગામને અડીને વડદલા આવેલ છે.




**કણીયા ગામમાં પાટીદાર, ઠાકોર, દેવીપૂજક, પ્રજાપતિ, દરબાર, મુસ્લિમ, વણકર, વાળંદ, ગોસાઈ સહિતની વિવિધ જ્ઞાતિઓના લોકો વસવાટ કરે છે**

આ ભૌગોલિક સ્થિતિને કારણે કણીયા ગામ આસપાસનાં ગામો અને તાલુકા મથકો સાથે જોડાયેલું છે. માર્ગ સુવિધા ખેતીવાડીની પેદાશોના પરિવહન, રોજગારી, શિક્ષણ અને અન્ય સેવાઓ માટે મહત્ત્વપૂર્ણ બની રહી છે.

આશરે ચારસો વર્ષનો ઇતિહાસ, ગાયકવાડી શાસનની પૃષ્ઠભૂમિ, વણજારી કૂવા જેવી ઐતિહાસિક ધરોહર અને વિવિધ સામાજિક સમુદાયોની સહિયારી સંસ્કૃતિ કણીયા ગામની આગવી ઓળખ છે.

## કણીયા ગામના પ્રગતિશીલ ખેડૂતો કેળાનું મબલખ ઉત્પાદન મેળવી લાખોની આવક રળી રહ્યા છે



**કણીયા ગામમાં ઉત્પાદિત કેળાં એક્સપોર્ટ ક્વોલિટીનાં હોવાથી અન્ય રાજ્યોના બજારોમાં પણ મોકલવામાં આવે છે**

પેટલાદ તાલુકાનું કણીયા ગામ તમાકુની ખેતી માટે જાણીતું છે, પરંતુ હવે ગામના પ્રગતિશીલ ખેડૂતો પરંપરાગત ખેતીથી આગળ વધીને કેળાની ખેતીમાં પણ સફળતા મેળવી રહ્યા છે. ગામના મોટાભાગના ખેડૂતો પોતાની જમીનમાં કેળાનું વાવેતર કરી દર વર્ષે મબલખ ઉત્પાદન મેળવી રહ્યા છે. ખેડૂતોના જણાવ્યા મુજબ, એક એકર જમીનમાંથી કેળાના ઉત્પાદન થકી બે લાખ રૂપિયાથી વધુની આવક મેળવી શકાય છે. કેળાની ઉત્તમ ગુણવત્તા અને બજારમાં સારી માંગને કારણે ખેડૂતોને આ પાક આર્થિક રીતે લાભદાયી બની રહ્યો છે. કણીયા ગામમાં ઉત્પાદિત કેળાં એક્સપોર્ટ ક્વોલિટીનાં હોવાથી અન્ય રાજ્યોના બજારોમાં પણ મોકલવામાં આવે છે. બાપ-દાદાના સમયથી ચાલતી પરંપરાગત ખેતી પદ્ધતિમાં સમયની સાથે બદલાવ લાવી ગામના ખેડૂતોએ આધુનિક અને વૈજ્ઞાનિક અભિગમ અપનાવ્યો છે. જમીનનો યોગ્ય ઉપયોગ, પાકની પસંદગી અને ઉત્પાદન પદ્ધતિમાં આવેલા બદલાવથી કેળાના પાકમાં જબરદસ્ત ઉત્પાદન મેળવવામાં સફળતા મળી છે. તમાકુની સાથે કેળાની ખેતી કરીને ખેડૂતો આવકના નવા સ્ત્રોત ઊભા કરી રહ્યા છે. પરિણામે કણીયા ગામમાં કેળાની ખેતી અનેક ખેડૂતો માટે ‘કલ્પવૃક્ષ’ સમાન બની રહી છે અને અન્ય ખેડૂતો માટે પણ વૈકલ્પિક તથા પ્રેરણાદાયી ખેતીનું ઉદાહરણ પૂરું પાડી રહી છે.

## કણીયા ટાઉન ટોક

### -: કણીયા ગામનો પરિચય :-

| | |
|---|---|
| ગામના કુંટુંબોની કુલ સંખ્યા | 429 |
| કુલ વસ્તી | 1928 |
| કુલ પુરૂષો | 978 |
| કુલ સ્ત્રીઓ | 950 |

### -: સાક્ષરતા દર :-

| | |
|---|---|
| કુલ સાક્ષરતા દર | 79.30 |
| પુરૂષ સાક્ષરતા દર | 88.33 |
| સ્ત્રી સાક્ષરતા દર | 70.16 |

### -: ખેડૂતો :-

| | |
|---|---|
| ખેડૂતો | 286 |
| ખેત મજૂર | 285 |
| સીમાંત વર્ગ | 195 |

### -: બીપીએલ :-

| | |
|---|---|
| બીપીએલ કુટુંબ (0 થી 16) | 74 |
| બીપીએલ કુટુંબ (17 થી 20) | 136 |

### -: પશુધન :-

| | |
|---|---|
| પશુધન | 1152 |
| ગાય | 165 |
| ભેંસ | 572 |
| અન્ય | 415 |

### -: જમીન ક્ષેત્રફળ :-

226 હેક્ટર 97 આરે 07 ચોરસ મીટર
કાયમી ગૌચર અને ચરણ 05 હેક્ટર 14 આરે 91 ચો.મી.

### -: ખેતીપાક :-

1. ડાંગર
2. તમાકુ
3. બાજરી
4. વિવિધ શાકભાજી

### -: શૈક્ષણિક સગવડ :-

| | |
|---|---|
| પ્રાથમિક શાળા | 01 |
| માધ્યમિક શાળા | 00 |
| ઉચ્ચ.માધ્ય. શાળા | 00 |
| વિદ્યાર્થીઓ | 156 |

### -: પીવાના પાણીની સવલત :-

| | |
|---|---|
| ઘરે ઘરે નળ કનેક્શનની સંખ્યા | 350 |

### -: વીજળીકરણ :-

| | |
|---|---|
| રહેણાંક વીજ જોડાણ | 378 |
| ઔદ્યોગિક વિષયક જોડાણ | 20 |
| ખેતી વિષયક જોડાણ | 31 |

### -: એલપીજી ગેસ વ્યવસ્થા :-

| | |
|---|---|
| એલપીજી ગેસ ધારકો | 285 |

### -: સામાજિક સુરક્ષાની વિગતો :-

| | |
|---|---|
| NFSA કાર્ડ ધારકો | 240 |
| BPL કાર્ડ ધારકો | 81 |
| અંત્યોદય કાર્ડ ધારકો | 20 |

### -: રસ્તાની સુવિધા :-

મેટલ રોડ, ડામર રોડ, અને સીમેન્ટ રોડ

### -: યોજનાકીય લાભાર્થીઓ :-

| | |
|---|---|
| વૃદ્ધા પેન્શન | 80 |
| વિધવા સહાય | 63 |
| આર્થિક લાભ મેળવેલ અપંગ વ્યક્તિો | 03 |